# બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લીમીટેડ, પાલનપુર

**બનાસ/લોખંડની પાઈપોવાળી ગમાણ/૩૧૩૦** **તા.૧૦/૦૮/૨૦૧૬**

## પરિપત્ર

આથી,બૃહદ બનાસકાંઠા જિલ્લાની દૂધ ભરતી તમામ દૂધ મંડળીઓ/મિલ્ક કલેકશન સેન્ટરોને જણાવવાનું કે, આપણા જિલ્લામાં પશુપાલનનો વ્યવસાય ઝડપથી વિકાસ પામે અને સભાસદોમાં દૂધના ધંધાનો ઉત્સાહ વધે તેમજ હાલના આધુનિક યુગ સાથે તાલ મિલાવી દૂધ ઉત્પાદકો દૂધના ધંધામાં મજુરી ઘટાડવા સાથે પશુઓની તંદુરસ્તી સુધરે તે માટે પાકા શેડ કે ખુલ્લા વાડામાં લોખંડની પાઈપોવાળી ગમાણો બનાવીને પશુઓને ખુલ્લા રાખવાનું શરૂ કરી દૂધના ધંધાને નફાકારક બનાવે તેવા શુભ આશયથી દુધ સંઘના માન. ચેરમેન સાહેબે તા.૦૭/૦૭/૨૦૧૬ ના રોજની સંઘની ૪૮ મી વાર્ષિક સાધારણ સભામાં લોખંડની પાઈપોવાળી ગમાણમાં સહાય આપવા પ્રસ્તાવના કરેલ તથા સંઘના નિયામક મંડળની તા.૩૦/૦૭/૨૦૧૬ ની મીટીંગમાં ચર્ચા વિચારણા કરી ઠરાવ નં.૧૨ થી દૂધ ઉત્પાદકોની લાગણી અને માગણીને ધ્યાને લઈ **"લોખંડની પાઈપોવાળી ગમાણ સહાય યોજના"** દૂધ ઉત્પાદકોના હિતાર્થે અમલમાં મુકેલ છે.

હાલની પાકી ગમાણ સહાય યોજના પણ ચાલુ રાખવામાં આવેલ છે અને સદર પાકી ગમાણ સહાયમાં સંઘ તરફથી ફુટે રૂા.૧૦૦/– પ્રમાણે સહાય આપવામાં આવે છે. જયારે લોખંડની પાઈપોવાળી ગમાણ (સદર ગમાણ રાા ફુટની એક ગમાણ બને અને તે પુખ્ત પશુ માટે પુરતી છે) જો ખેડૂતો શેડ કે ખુલ્લા વાડામાં લોખંડની પાઈપોવાળી ગમાણ બનાવે તો ફુટે રૂા.૨૦૦/– સહાય આપવાનું નકકી કરેલ છે. રાા ફુટ ગમાણ એક પશુ માટે જોઈએ તેના કુલ રૂા.૫૦૦/– પશુ દીઠ ગમાણના આપવાનું નકકી કરેલ છે.

❖ **ગમાણ સામેલ નમુના મુજબની દૂધ સંઘની અગાઉથી મંજુરી મેળવીને નીચેના માપ પ્રમાણે બનાવવાની રહેશે.**

➢ **ગમાણનું માપ :–**

(૧) સિમેન્ટની દિવાલની જાડાઈ **૪ ઈંચ** અને ભોયતળીયેથી પશુઓ ઉભા રહે તે બાજુથી સિમેન્ટની દિવાલની ઉંચાઈ **૧૨ ઈંચ** તેમજ ગમાણમાં ઘાસચારો નાખે તે બાજુની સિમેન્ટની દિવાલની ઉંચાઈ **૬ ઈંચ** ઓછામાં ઓછી રાખવાની રહેશે.
(૨) ભોયતળીયેથી સિમેન્ટની દિવાલ તથા પાઈપો સાથેની ઉંચાઈ **૫૧ ઈંચ** ઓછામાં ઓછી રાખવાની રહેશે.
(૩) સિમેન્ટની દિવાલની ઉપર ફીટ કરવામાં આવતી પાઈપોની ઉંચાઈ **૩૭ ઈંચ** ઓછામાં ઓછી રાખવાની રહેશે.
(૪) સિમેન્ટની દિવાલ ઉપર આડી ફીટ કરેલ પાઈપ(ચોરસ અથવા ગોળ) ની **૧.૫ થી ૨ ઈંચ** ની જાડાઈ/ઘેરાવા વાળી પાઈપ તથા પાઈપોની ઉપર ફીટ કરેલ આડી પાઈપ(ચોરસ અથવા ગોળ) ની **૧.૫ થી ૨ ઈંચ** જાડાઈ/ઘેરાવા વાળી પાઈપ ફીટ કરવાની રહેશે.
(૫) લોખંડની ઉભી કરેલ પાઈપો (ચોરસ અથવા ગોળ) **૧ ઈંચ** ની જાડાઈ/ઘેરાવા વાળી પાઈપ ફીટ કરવાની રહેશે.
(૬) લોખંડની પાઈપોવાળી ગમાણ સામેલ નમુના મુજબની બનાવવાની રહેશે અને જે લોકવાળી હોવી જોઈએ.

❖ **લોખંડની પાઈપોવાળી ગમાણ સહાય યોજનાની શરતો :**

(૧) એક ગમાણ દીઠ રૂા.૫૦૦/– (એક પશુ માટે વધુમાં વધુ અઢી ફુટ પહોળાઈવાળી અને ૧ ફુટ દીઠ રૂા.૨૦૦/– પ્રમાણે) મુજબ એક પશુપાલકને વધુમાં વધુ ૨૫ (૬૨.૫ ફુટ લંબાઈ) ગમાણો માટે રૂા.૧૨,૫૦૦/– સુધી સહાય મળી શકશે. સંઘના સુચવેલ માપ અને મજબુતાઈવાળી ગમાણો બનાવવાની રહેશે.
(૨) અગાઉ જે સભાસદોએ પાકી ગમાણ સહાયનો લાભ મેળવેલ છે તેઓને લોખંડની પાઈપોવાળી ગમાણની સહાય મેળવવાની હોય તો જરૂરી સ્પષ્ટતા સાથે દૂધ મંડળીની ભલામણસહ નિયત નમુનામાં અરજી મોકલી આપવાની રહેશે.
(૩) સંઘની મંજુરી મેળવ્યા વગર લોખંડની પાઈપોવાળી ગમાણોની સહાય મળી શકશે નહિ.
(૪) લોખંડની પાઈપોવાળી ગમાણ સહાય માટેની અરજી પુર્ણ વિગતો ભરી મોકલવાની રહેશે. અધુરી વિગતોવાળી અરજી ધ્યાનમાં લેવામાં આવશે નહિ.
(૫) યોજનાની શરતો અને નિયમોનું ઉલ્લંઘન કરી યોજના સાથે સુસંગત ન હોય તેવી ખોટી અરજીઓ મોકલ્યાનું ધ્યાનમાં આવશે તો જે તે અરજીઓની ચકાસણી માટે થયેલ તમામ વહીવટીય ખર્ચ મંડળીના દૂધ બીલેથી વિના નોટીસે કપાત કરવામાં આવશે તેમજ જરૂર જણાયે આવી મંડળીની ગમાણ સહાય માટેની અરજીઓ સ્વીકારવાનું મોકુફ કરવામાં આવશે.

(૬) સભાસદે પોતાની માલિકીની જમીનમાં અત્રેના પ્રતિનિધિની જમીનની જગ્યાની પસંદગી થયા બાદ લોખંડની પાઈપોવાળી ગમાણ પોતાના ખર્ચે બનાવવાની રહેશે. પશુ માટે પુરતી બેસવાની અને ઘાસપાણીની પૂરતી સગવડ હોવી જોઈએ.

(૭) સહાય મેળવવા માટે લોખંડની પાઈપોવાળી ગમાણનું કામ અંગેનું જરૂરી પ્રમાણપત્ર બનાસ ડેરીના સક્ષમ અધિકારીનું રજુ કરવાનું રહેશે. સભાસદોની ગમાણો તૈયાર થયે તેની યાદી મંડળીએ અત્રે મોકલવાની રહેશે. અત્રેના નિયુકત પ્રતિનિધિની મંડળીની મુલાકાત સમયે જગ્યા મંજુર કરેલ પત્ર તથા મંડળીના વ્ય.કમિટીના ઠરાવની નકલ રજુ કરવાની રહેશે. જરૂરી ચકાસણી કર્યા બાદ જ મંજુર થયેલ ગમાણ માટેની સહાયની રકમ દૂધ મંડળીના દૂધ બીલે જમા આપવામાં આવશે. જે રકમ જમા મળ્યેથી મંડળીએ જે તે લાભાર્થીને ચૂકવી આપવાની રહેશે.

(૮) આ યોજનાના અમલીકરણ અને સહાય ચૂકવવામાં કોઈપણ જાતનો વિવાદ ઉભો થશે તો બનાસ ડેરીના મેનેજીંગ ડિરેકટરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

(૯) સદર ગમાણ ખુલ્લા વાડામાં અથવા પાકા શેડમાં બનાવવાની રહેશે.

(૧૦) આ યોજનાનો લાભ મેળવવા ઈચ્છતા અરજદારે રૂા.૫૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર જરૂરી કરારખત મંડળીને કરી આપવાનું રહેશે અને તેજ રીતે મંડળીએ રૂા.૫૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર જરૂરી કરારનામું સંઘને કરી આપવાનું રહેશે.

(૧૧) લોખંડની પાઈપોવાળી ગમાણનું કામ પુર્ણ થયા બાદ સંઘને મળેલ ઠરાવોના આધારે સંઘના પ્રતિનિધિ ગમાણોની ચકાસણી કરશે અને સહાય ચુકવવાની ભલામણ કરશે.

(૧૨) સહાય ચુકવવાની થતી રકમ મંડળીના દૂધ બીલે જમા આપવામાં આવશે. જે રકમ જે તે લાભાર્થીને મંડળીએ તાત્કાલિક ચુકવી આપવાની રહેશે.

(૧૩) એક રસોડે જમતા અને રેશનકાર્ડ ભેગુ હોય તેવા કુટુંબના દૂધ ભરાવતા સભાસદો પૈકી ફકત એકજ સભાસદને આ યોજનાનો લાભ મળી શકશે.

(૧૪) સંઘમાંથી ગમાણો બનાવવા માટે મંજુરી મળેથી યોજના મુજબ બે માસમાં ગમાણોનું કામ પુર્ણ થયાની દૂધ મંડળીએ જરૂરી ઠરાવની નકલ સહ અત્રે જાણ કરવાની રહેશે.

તો સદર સહાયની દૂધ ઉત્પાદકોના હિતાર્થે બહોળી પ્રસિધ્ધિ કરી દૂધ ઉત્પાદકો વધુમાં વધુ લાભ મેળવે તેવો અનુરોધ છે.

**મેનેજીંગ ડીરેકટર**

# બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.પાલનપુર

સી.ડી.એસ./સંઘ સહાય/૧૫૩૬ તા.૧૧/૦૬/૨૦૧૮

## પરિપત્ર

સહર્ષ જિલ્લાની દૂધ મંડળીઓ/મિલ્ક કલેકશન સેન્ટરોને જણાવવાનું કે, દૂધ મંડળીઓના વિકાસ થકી દૂધ ઉત્પાદકોના ઉત્કર્ષ અંગેની અનેકવિધ યોજનાઓ દૂધ સંઘે અમલમાં મુકેલ છે. સદર યોજનાઓનો હજુ સુધી જોઈએ તેટલો દૂધ મંડળીઓ/સભાસદોએ લાભ મેળવેલ નથી તો જે સભાસદો અને દૂધ મંડળીઓ લાભથી વંચીત રહી ગયેલ છે તેમના માટે સંઘની તમામ સહાય યોજનાઓની **મુદત તા.૩૧/૦૫/૨૦૨૩** સુધી લંબાવવાનું સંઘના નિયામક મંડળની તા.૧૬/૫/૨૦૧૮ ની મિટીંગમાં નિર્ણય લીધેલ છે. તમામ યોજનાઓ અંગે સંઘે અગાઉ કરેલ પરિપત્રો, શરતો અને નિયમોના આધારે ચાલુ રાખવામાં આવેલ છે.

(૧) ઈલેકટ્રીક ચાફકટર સહાય યોજના
(૨) પાકી ગમાણ સહાય યોજના
(૩) લોખંડની પાઈપોવાળી ગમાણ સહાય યોજના
(૪) એ.આઈ.ટ્રેવીસ(ઘોડી)સહાય યોજના
(૫) દૂધઘર સહાય યોજના
(૬) દૂધઘર લોન/એડવાન્સ યોજના
(૭) મિલ્કીંગ મશીન સહાય યોજના
(૮) એનીમલ કુલીંગ સહાય યોજના
(૯) દૂધ મંડળી/સભાસદ માટે ટ્રેકટર ઓપરેટેડ ચાફકટર સહાય યોજના
(૧૦) શૌચાલય સહાય યોજના
(૧૧) વિધવા બહેનોના બાળકોને શિક્ષણ સહાય યોજના
(૧૨) બેટી બચાવો અને કુપોષણ હટાવો અંતર્ગત ઘી સહાય યોજના.

તો ઉપરોકત યોજનાઓને **તા.૩૧/૦૫/૨૦૨૩** સુધી લંબાવેલ હોઈ દૂધ મંડળીઓ અને તેના સભાસદો વધુમાં વધુ લાભ મેળવે તે માટે બહોળી પ્રસિધ્ધિ કરી સંઘે નિયત કરેલ નમુનામાં સહાય યોજનાઓની અરજીઓ મોકલી આપવાનું રાખવું.

**ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેકટર**

**નકલ સવિનય રવાના :-**

માનનીયશ્રી ચેરમેન સાહેબ તથા બોર્ડ ડીરેકટરશ્રીઓ તરફ.....જાણ સારૂ.

**નકલ રવાના :-**

(૧) જિલ્લાની તમામ દૂધ મંડળીઓ તરફ.....
(૨) તમામ ક્ષેત્રગામી કર્મચારીશ્રીઓ/સી.ડી.એસ.સ્ટાફ તરફ.....
(૩) તમામ વિભાગીય અધિકારીશ્રીઓ/ઝોનલ અધિકારીશ્રીઓ/ઝોનલ અધિકારીશ્રીઓ(સી.ડી.એસ.)તરફ.....
(૪) ફાઈલે.

# સંઘ દ્વારા આપવામાં આવતી પશુપાલન સહાય મેળવવા માટેનું અરજીપત્રક

તારીખ :....../....../૨૦......

**પ્રતિશ્રી**
**મેનેજિંગ ડિરેક્ટર સાહેબ,**
**બનાસડેરી, પાલનપુર.**

**વિષય : સંઘની પશુપાલન સહાય મેળવવા બાબત.**

| ક્રમ | સહાયનું નામ | જે સહાય મેળવવા માંગતા હોય તેની સામે √ ની નિશાની કરવી | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | મીલ્કીંગ મશીન | | ૧–બકેટ હરતુ ફરતુ | | ૨–બકેટ ફીકસ | | ૪–બકેટ ફીકસ |
| ૨ | એનીમલ કુલીંગ સીસ્ટમ | | | | | | |
| ૩ | ઈલેકટ્રીક ચાફકટર | | | | | | |
| ૪ | ટ્રેકટર ઓપરેટડ ચાફકટર (દૂધમંડળી માટે) | | | | | | |
| ૫ | ટ્રેકટર ઓપરેટડ ચાફકટર (રૂા.૨૦,૦૦૦/– સભાસદ સહાય માટે) | | | | | | |
| ૬ | ગમાણ સહાય | | પાકી ગમાણ | | લોખંડની ગમાણ | | |
| | | અગાઉ બનાવેલ ગમાણની સંખ્યા | | | પુરવણી ગમાણની સંખ્યા | | |

મે. સાહેબ,

સવિનય ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, **"સંઘની પશુપાલન સહાય યોજના"** નો લાભ લેવા માટે અમો અરજી કરીએ છીએ. અમોએ સંઘની જે તે સહાય માટેનો પરિપત્ર વાંચેલ છે જેમાં જણાવેલ શરતો અને નિયમો મને બંધનકર્તા છે. સંઘ તરફથી મળતી સહાયની કુલ કિંમતમાંથી સહાયની રકમ બાદ ગણી બાકીની રકમ અમારી દૂધમંડળીમાં ભરપાઈ કરવા હું બાંહેધરી આપુ છું તથા નિયમ મુજબ મળતી સહાયની રકમ અમારી દૂધ મંડળી મારફત/બેંક ખાતામાં મને ચુકવી આપવા વિનંતી છે. યોજનાની શરતો અને નિયમોનું ભવિષ્યમાં કોઈ જ ઉલ્લંઘન થયેલ જણાય તો મને મળેલ સહાયની રકમ અમારી દૂધ મંડળીમાં ભરપાઈ કરવા આથી હું બાંહેધરી આપું છું.

**અરજદારની વિગત :**

(૧) મંડળી નું નામ :................................................ કોડ નંબર :........... તાલુકો :................

(૨) અરજદારનું નામ :.........................................................................................

(૩) અરજદારનો આધારકાર્ડ નંબર : ☐☐☐☐ ☐☐☐☐ ☐☐☐☐

(૪) અરજદારનો રેશન કાર્ડ નંબર : ☐☐☐☐☐ ☐☐☐☐☐ ☐☐☐☐☐

(૫) હયાત પાકા (ધાબા / પતરાવાળા) શેડનું માપ : ફૂટમાં લંબાઈ........... પહોળાઈ.......... ઉંચાઈ...........

(૬) શેડમાં પાકી ગમાણ છે ? હા/ના

(૭) શેડમાં વીજળીની વ્યવસ્થા છે ? હા/ના

(૮) દૈનિક દૂધ (લીટરમાં) : .......................... (દૂધની દૈનિક સવાર–સાંજની પાવતી જોડવી)

(૯) ગત વર્ષનું કુલ દૂધ(લીટરમાં) :....................... (વાર્ષિક દૂધની પાવતી જોડવી)

(૧૦) અરજદારના બેંક ખાતાની વિગત,બેંક પાસબુક/કેન્સલ ચેકની ઝેરોક્ષ નકલ જોડવી (**માત્ર ગમાણ સહાય માટે)**

| | | | |
|---|---|---|---|
| બેંકનુ નામ | | બેંકની શાખા | |
| બેંકનો ખાતા નંબર | | બેંકનો IFSC કોડ | |

**અરજદારની સહી** ....................................

નામ :.......................................................

સરનામું :..................................................

મોબાઈલ નં. :..............................................

**દૂધ મંડળીની ભલામણ**

અમારી મંડળીના સભાસદ/દૂધ ગ્રાહકશ્રી....................................................................... પાસે હાલમાં ......... દૂધાળા પશુઓ છે અને બનાસડેરીની ......................................સહાય યોજના હેઠળ અમારી મંડળીના કાયમી અને નિયમિત દૂધ ભરાવે છે માટે સહાય મેળવવા માગણી કરેલ છે જે તેઓશ્રીને ફાળવી આપવા ભલામણ છે. સહાયની સિવાયની રકમ અમારી દૂધમંડળીના દૂધબીલેથી કપાત કરવા અથવા સહાયની રકમ ગ્રાહકના બેંક ખાતામાં જમા કરવાની સત્તા સંઘને આપવામાં આવે છે. યોજનાની શરતો અને નિયમો પાળવા તેઓ સંમત છે. યોજનાની શરતો અને નિયમોનું ભવિષ્યમાં કોઈ જ ઉલ્લંઘન થયેલ જણાય તો તેઓને ચુકવેલ સહાયની રકમ અમારી દૂધમંડળીના દૂધબીલેથી કપાત કરવાની સત્તા બનાસડેરીને આપવામાં આવે છે જે બાબતે અમારો કોઈ વાંધો/વિરોધ/તકરાર રહેશે નહિ.

મંડળીનો

ગોળ સિકકો

**ચેરમેન** **મંત્રી**

ધી ......................... દૂધ ઉત્પા. સહ. મં.લી.

મુ................... તાલુકો.................

કોડ નંબર..............રૂટ નંબર............

મોબાઈલ નં.....................................

**બનાસડેરીના લગત અધિકારીએ ભરવાની વિગત :–**

ઉપરોકત અરજી કરનાર અરજદારશ્રીના ફાર્મ–સ્થળ ઊપર તપાસણી /ચકાસણી કરતાં ઉકત અરજદારશ્રી સંઘ સહાયની યોજનાની શરતો અને નિયમો તળે આપવાપાત્ર થાય છે/નથી તો તેમને આ યોજનાનો લાભ આપવા ભલામણ છે/નથી. અરજદારશ્રી સહાય મેળવવાને પાત્ર હોઈ તો ...................................સહાય ચુકવી આપવા ભલામણ છે / નથી.

| મંજુર કરેલ ગમાણનુ માપ લખવુ :– |
|---|
| **લંબાઈ(ફૂટમાં)** ...................... |
| **પહોળાઈ(ફૂટમાં)**...................... |
| **ઉંચાઈ(ફૂટમાં)** ...................... |
| **ઉંડાઈ(ફૂટમાં)** ...................... |

**મંજુર/નામંજુર**

**લગત અધિકારીની સહી**................................

**નામ :**..........................................................

**હોદ્દો :**...............................

**વિભાગ :**.........................**તા :**......./......./**૨૦**......

ધી........................... દૂધ ઉત્પા. સહ.મંડળી લી.તા..............ની વ્ય.ક.ની મીટીગ તા........................ ના રોજ મળેલ તેમાં પસાર થયેલ ઠરાવ નં....... ની અસલ ઉપરથી ખરી નકલ.

☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆

**<u>વિષય</u>**

બનાસડેરીની લોખંડની પાઈપોવાળી ગમાણ સહાય ચુકવવા બાબત.

**<u>ઠરાવની વિગત</u>**

આથી ઠરાવવામાં આવે છે. કે અમારી મંડળીના નીચે મુજબના દૂધભરાવતા સભાસદોએ સંઘની **લોખંડની પાઈપોવાળી ગમાણ** સહાય ભલામણ કરવા યોજનાના સંઘના **પરિપત્ર નં.૩૧૩૦ તા.૧૦/૮/૨૦૧૬** મુજબ **લોખંડની પાઈપોવાળી ગમાણ** બનાવેલ છે.

| **અ. ન** | **<u>નામ</u>** | **ગમાણ નંગ** | **ગમાણ બાંધકામ મંજુરી આદેશ નંબર** | **આદેશ તારીખ** |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

ઉપર મુજબના સભાસદોએ યોજના મુજબ સંઘે નકકી કરેલ સ્થળે **લોખંડની પાઈપોવાળી ગમાણો** બનાવેલ છે.જેની અમોએ ચકાસણી કરતાં સંઘની યોજના મુજબ ની ગમાણનું બાંધકામ કરેલ હોઈ નિયમ મુજબ થતી સહાયની રકમ અમારી મંડળી મારફત ચુકવી આપવા ભલામણ કરવાનું તથા ભવિષ્યમાં ગમાણ યોજનાની શરતો અને નિયમોનુ કોઈ ન ઉલ્લંઘન કરાયેલ જણાયતો મંડળીએ સંઘને કરી આપેલ કરારનામા મુજબ તેને ચુકવેલ સહાયની રકમ અમારી મંડળીના દૂધના બીલેથી કપાત કરવાની સત્તા બનાસડેરીને આપવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ સર્વાનુમતે મંજુર.**

ગોળ સિકકો

ચેરમેન / મંત્રી

ધી........................... દૂધ ઉત્પા. સહ.મંડળી લી.

મુ.......................... તાલુકો.......................

કોડ નંબર..................... રુટ નંબર................

**<u>ખાસનોંધઃ</u>**– મંડળીના ઠરાવની નકલમાં ગમાણ ***બાંધકામ મંજુરી આદેશ નંબર*** તથા ***તારીખ*** ની અવશ્ય નોંધ કરવી.